
PRODUCED BY AN AUTODESK EDUCATIONAL PRODUCT

# LAY-OUT PLAN SHOWING ON R.SUR. NO.419
F.P. NO.- 8/1,O.P. NO. 8/1,T.P.S.- 80 VATVA
TA:CITY-WEST,DIST: AHMEDABAD

SCALE : 1.00 CM = 4.00MTS.


| AREA TABLE : | SQ. MTS. |
|---|---|
| AREA OF PLOT R.SUR. NO. 419 | 6171.00 |
| AREA OF PLOT F.P. NO. 8/1 | 3703.00 |
| AREA OF PLOT O.P. NO. 8/1 | 6171.00 |

COLOUR NOTE :-
- F.P. BOUNDARY
- ROAD
- O.P. BOUNDARY










KEY PLAN

SCALE = 1CM:20M

કામચલાઉ પુનઃ રચના

નગર રચના યોજના નં. ૮૦ (વટવા–૬) પ્રારંભિક યોજના તૈયાર કર્યા મુજબના

LEGEND:
- SCHEME.BOUNDARY.
- O.P.BOUNDARY.
- F.P.BOUNDARY.

AREA TABLE

| SUR.NO. | OP.NO. | OP.AREA IN.SQMT. | FP.NO. | FP.AREA IN.SQMT. |
|---|---|---|---|---|
| ૪૧૯ | ૮/૧ | ૬૧૭૧ | ૮/૧ | ૩૭૦૩ |

Final Plot Boundry and Allotment of final plot is subject to variation while finalizing the scheme by Town Planning Officer.

Final Plot Boundry and Allotment of final plot is subject to variation while finalizing the scheme by Town Planning Officer.

OWNER

ENGINEER

HIREN M. THAKKAR
A.M.C. ER. Lic. No.: 1024190120 Dt. 20/01/2015
A.M.C-O-W Lic. No.: 0633190120 Dt. 20/01/2015
3, Karmam Avenue, Opp. Surya City Flats, Uttamnagar, Maninagar, Ahmedabad-380008.

Recommended for Approval (As amended as...... RED ........) subject to condition mentioned under this office letter No. ........ Date ........

Town Planning Officer,
Town Plannin Scheme.
Unit-12, Ahmedabad.

AUTHORITY

Town Planning Officer, Town Planning Scheme, Unit-12, Ahmedabad

PRODUCED BY AN AUTODESK EDUCATIONAL PRODUCT

# નગર રચના અધિકારીની કચેરી

## નગર રચના યોજના,એકમ–૧૨,અમદાવાદ

પ્રથમ માળ, 'ઔડા' કોમ્યુનીટી હોલ, દિનદયાળ વાંચનાલયની ઉપર, સુશીલનગર સોસાયટીની બાજુમાં, ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ ૩૮૦૦૫૨.

સીટી ૩૮૭૫ R.T.I. તારીખ ૧૯/૯/૧૪

ક્રમાંકઃ નરયો/૮૦/વટવા–૬/કેસ નં.૮/ ૩૨૯ તાઃ– ૧૫/૦૯/૨૦૧૪

સીટી પ્લાનીંગ ખાતુ અ. મ્યુ. કોર્પો. જનરલ ઇ.નં. ૩૮૭૫ R.T.I. તારીખ ૧૯/૯/૧૪

પ્રતિ,

ચીફ સીટી પ્લાનરશ્રી,

સીટી પ્લાનીંગ ખાતુ,

અ.મ્યુ.કો. અમદાવાદ

**વિષયઃ**– નગર રચના યોજના નં ૮૦ (વટવા–૬)ના રે.સ.નંઃ– ૪૧૯, અંતિમખંડ નંબરઃ–૮/૧ માં વિકાસ પરવાનગી અંતર્ગત અભિપ્રાય મેળવવા બાબત......

**સંદર્ભ :**– (૧) આસી.સીટી પ્લાનર, અ.મ્યુ.કો. નાં પત્ર નંઃ– સી.પી.ડી./અ.મ્યુ.કો./જનરલ/ ૩૮૭૫ તાઃ– ૦૮/૦૧/૨૦૧૪

ઉપરોક્ત વિષયે સંદર્ભ તળેના પત્રથી પાઠવી આપેલ પ્રકરણના અનુસંધાને જણાવવા નું કે, સરકારશ્રી ધ્વારા મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના અમદાવાદ નં. ૮૦ (વટવા–૬) ની દરખાસ્ત નીચે મુજબ છે.

| સર્વે નંબર | મુળખંડનંબર | મુળખંડ નું ક્ષેત્રફળ ચો.મી. | અંતિમખંડ નંબર | અંતિમખંડ નું ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|
| ૪૧૯<br>૪૨૬ | ૮/૧<br>૮/૨ | ૬૧૭૧<br>૩૩૩૯ | ૮/૧<br>૮/૨ | ૩૭૦૩<br>૨૦૦૩ |
| | | ૯૫૧૦ | | ૫૭૦૬ |

ઉક્ત મુસદ્દારૂપ નગર રચના યોજના ની સુનાવણી દરમ્યાન જમીન માલીકો/ હિત સંબધકો તરફથી આવેલ રજુઆતો/ વાંધાસુચનો, રજુ થયેલ અધિકૃત આધાર–પુરાવા વગેરે ગુણવતાના ધોરણે ચકાસી કામચલાઉ પુનઃ રચનાની દરખાસ્તો તૈયાર કરવામાં આવેલ છે. સદર કામચલાઉ પુનઃ રચના યોજનાની દરખાસ્ત અન્વયે અત્રેથી મુળખંડ ની સામે નીચે મુજબ અંતિમખંડ ફાળવવા વિચારેલ છે.

| સર્વે નંબર | મુળખંડનંબર | મુળખંડ નું ક્ષેત્રફળ ચો.મી. | અંતિમખંડ નંબર | અંતિમખંડ નું ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|
| ૪૧૯ | ૮/૧ | ૬૧૭૧ | ૮/૧ | ૩૭૦૩ |

1

જે પૈકી રજુ કરેલ લે–આઉટ પ્લાનમાં મુળખંડની હદો લીલા રંગથી તથા અંતિમખંડની હદો માપો લાલ રંગથી સુધારી દર્શાવેલ છે. જે ધ્યાને લઈ અંતિમખંડ નં– ૮/૧, ક્ષેત્રફળ:– ૩૭૦૩.૦૦ ચો.મી.ને નીચે દર્શાવેલ સામાન્ય શરતોને આધીન આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

**શરતો :**

(૧) પ્રશ્નવાળી જમીનની સરકારશ્રી ધ્વારા મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના અમદાવાદ નં. ૮૦ (વટવા–૬) ની દરખાસ્તો પ્રમાણે સંબંધકર્તા મૂળખંડ નં. ૮/૧ ના અંતિમખંડ નં.૮/૧ માં રજૂ થયેલ લે–આઉટ પ્લાનની જ હદ, માપ, ક્ષેત્રફળ, તથા સ્થળસ્થિતિ બાબતે ચકાસણી કરાયેલ છે, જે નગર રચના યોજના આખરી કરતી વખતે તથા હાથ ધરાનાર સુનાવણીની કાર્યવાહી દરમ્યાન / સમયે રજુ થનાર આધાર–પુરાવા વિગેરે ધ્યાને લઈ, નગર રચના અધિકારી ધ્વારા પ્રારંભિક યોજના અંતિમ કરતી વખતે કરવામાં આવનાર ફેરફારો જમીન માલીક / અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૨) નગર રચના યોજનાના હેતુ માટે મૂળખંડની માલીકી, ક્ષેત્રફળ મહદઅંશે રેવન્યુ રેકર્ડ, ૭/૧૨ મુજબ ગણવાના રહેશે.

(૩) એક કરતાં વધુ માલીકો હોય તેવા કિસ્સામાં અંતિમખંડમાં જમીન માલીકોના હકક / હિસ્સા તેઓના મુળખંડની જમીનમાંના તેમના હકક / હિસ્સાના પ્રમાણમાં રહેશે.

(૪) મૂળખંડની માલીકી, ક્ષેત્રફળ, કોર્ટ મેટર બાબતે તથા અન્ય સંબંધકર્તા બાબતોની વિગતવાર ચકાસણી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.

(૫) વિકાસ યોજનાની દરખાસ્તો અને વિકાસ નિયંત્રણ નિયમો મુજબની ચકાસણી તેમજ બાંધકામના પ્લાનોની વિગતવાર ચકાસણી અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ધ્વારા કરવાની રહેશે.

(૬) મૂળખંડની જમીનમાં સમાવિષ્ટ અંતિમખંડની જમીન પૂરતી જ વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૭) પ્રશ્નવાળી જમીનમાં હાલમાં કાયદેસરનો પ્રવેશ મેળવવાની જવાબદારી જમીન માલીકોની રહેશે.

(૮) અરજદારશ્રીની માલીકીના મૂળખંડમાંથી યોજનાના રસ્તા તથા અનામત હેતુ માટે ફાળવેલ પ્લોટની જમીનમાં કોઈ વિકાસ કામ કરવાનું રહેશે નહીં તેમજ રસ્તા તથા અનામત પ્લોટની હદ નકશામાં લાલ રંગથી દર્શાવેલ છે.

(૯) અંતિમખંડની હદોનું ડિમાર્કેશન કરાવી તેની ખરાઈ અત્રેની કચેરી ધ્વારા કરાવ્યા બાદ બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) સદર પ્રકરણે આપના તરફથી આપવામાં આવનાર વિકાસ પરવાનગી અંગે નકશાની નકલ સહ અત્રે જાણ કરવા વિનંતી છે.

પ્રકરણે રજુ કરેલ પ્લાનની એક નકલ તથા દસ્તાવેજી પુરાવા અત્રેની કચેરીના રેકર્ડ સારૂ રાખી બાકીનું પ્રકરણ પરત કરેલ છે.

બિડાણ:–ઉપર મુજબ

નગર રચના અધિકારી,
નગર રચના યોજના,
એકમ–૧૨,અમદાવાદ